Seat No.:__________

[A-5]

SARDAR PATEL UNIVERSITY total No. of page 03

M.A. SEMESTER-4 Examination -2016

PAPER CODE: PA04SGUJ03 ( લેખન કૌશલ, ગુજરાતી વ્યાકરણ અને પ્રૂફ રીડિંગ )

DATE: 29 /10/2016, Saturday TIME: 02:00 to 5:00 P.M MARKS: 70

પ્રશ્ન-1 નીચેના વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો, દરેકનો એક ગુણ છે. 10

01) નીચેનાં વિધાનો તપાસો

વિધાન-અ સંસ્કૃતના તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી

વિધાન-બ સંસ્કૃતના તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી નહીં

અ. બંને વિધાન સાચાં બ. બંને વિધાન ખોટાં

ક. વિધાન અ સાચું, વિધાન બ ખોટું ડ. વિધાન બ સાચું, વિધાન અ ખોટું

02) અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા ............ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું.

અ. સંસ્કૃત બ. અરબી ક. તત્સમ ડ. તદ્ભવ

03) નીચેનાં વિધાનો તપાસો

વિધાન-અ અનુસ્વારનાં ભિન્ન-ભિન્ન ઉચ્ચારો દર્શાવવા માટે ચિહ્નો વાપરવા.

વિધાન-બ અનુસ્વારનાં ભિન્ન-ભિન્ન ઉચ્ચારો દર્શાવવા માટે ચિહ્નો વાપરવા નહીં.

અ. બંને વિધાન સાચાં બ. બંને વિધાન ખોટાં

ક. વિધાન અ સાચું, વિધાન બ ખોટું ડ. વિધાન બ સાચું, વિધાન અ ખોટું

04) નીચેનામાંથી સાચી જોડણી જણાવો

અ. પ્રતિનિધિ બ. પ્રતિનીધિ ક. પ્રતીનિધિ ડ. પ્રતિનીધી

05) જોડાક્ષરો પૂર્વે ઇ/ઉ અને ઈ/ઊ કેવાં રાખવાં ?

અ. બંને હ્રસ્વ બ. બંને દીર્ઘ ક. ઇ હ્રસ્વ, પણ ઊ દીર્ઘ ડ. ઉ હ્રસ્વ, પણ ઈ દીર્ઘ

06) પૂર્ણ વિરામ મૂકવા માટે કયા ચિહ્નનો ઉપયોગ થાય છે?

અ. ⊙ બ. ^ ક. > ડ. ⊖

07) પ્રૂફ રીડિંગ માટે # આ સંજ્ઞા શાના માટે પ્રયોજાય છે?

અ. બે શબ્દો વચ્ચે જગ્યા ઓછી કરવા બ. બે શબ્દોને છૂટા પાડવા માટે

ક. પેરેગ્રાફ પાડવા માટે ડ. વધારાનો અક્ષર કાઢવા માટે

08) પ્રૂફ રીડિંગ માટે ^ આ સંજ્ઞા શાના માટે પ્રયોજાય છે?

અ. કશુંક ઉમેરવા માટે બ. કશુંક કાઢી નાખવા માટે

ક. પેરેગ્રાફ પાડવા માટે ડ. વધારાનો અક્ષર કાઢવા માટે

09) પ્રશ્નાર્થ ચિહ્ન માટે કઈ સંજ્ઞા પ્રયોજાય છે?

અ. ! બ. / ક. ? ડ. %

10) શિયાળો, શિયાળ વગેરેમાં જોડણીનો કયો નિયમ લાગુ પડ્યો છે?

અ. પ્રથમ અક્ષર હ્રસ્વનો બ. યની પહેલા ઇ હ્રસ્વ હોય

ક. યાળની પહેલાં શિ હ્રસ્વ જ હોય ડ. ત્રણ માંથી એકે નહીં

પ્રશ્ન-2 શિયાળાની સવાર વિષય પર લલિત નિબંધ લખો. ૧૫

અથવા

પ્રશ્ન-2 તમે કરેલા યાદગાર પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

પ્રશ્ન-૩ નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખી સંવાદ લેખન કરો – ૧૫

"એક કાચબો-નદી કાંઠે ઉડતા પક્ષીને જોઈ ઈર્ષા કરે છે: 'મને કોઈ ઉડતા શીખવે તો કેવું!'-ગરુડ સાંભળે છે- પૂછે છે: આકાશમાં લઈ જાઉં તો શું આપે?- કાચબો દરિયાનાં મોતી આપીશ- ગરુડ પંજામાં પકડી લે છે- કાચબો ડુંગરના શિખર પર પડે છે- મરતાં મરતાં કહે છે: ખોટી ઇચ્છા એ નાશનું મૂળ છે"

અથવા

પ્રશ્ન-૩ અપરમાના કથાઘટક ( motif) ઉપર વાર્તા લખો

પ્રશ્ન-૪ નીચે આપેલાં શુદ્ધ પરિચ્છેદને જોઈને અશુદ્ધ પરિચ્છેદનું ઉત્તરવહીમાં જ પ્રૂફ રીડિંગ કરો. ૧૫

(શુદ્ધ પરિચ્છેદ)

અમે માણિકપુરથી ઝાંસી જતા હતા. રસ્તામાં હરપાલપુર અને રોહા વચ્ચે અચાનક એક વિશાળ સુંદર દૃશ્ય જોયું. આ સરોવર છે કે નદી ? એની પણ ખબર ન પડે. આસપાસનાં ઝાડો એટલાં તો કાંઠાની નજીક આવ્યાં હતાં કે આ નદી ન જ હોઈ શકે એમ અનુમાન નીકળતું. પણ સરોવરની તો ચારે બાજુ ઓછીવત્તી ઊંચી હોવી જોઈએ. અહીં સામી બાજુએ એક ઊંચો પર્વત આસપાસના જંગલને આશીર્વાદ આપતો ઊભો હતો અને પાણીમાં જોનાર લોકોને પોતાનું અવળું દર્શન આપતો હતો. દાઢી રાખીને માથું મૂંડાવનાર મુસલમાનોની પેઠે આ પહાડે પોતાની તળેટીમાં જંગલ ઉગાડીને પોતાના શિખરનું તોલું કર્યું હતું.

(અશુદ્ધ પરિચ્છેદ)

અઅઅમે માણિ કપુરથી ઝાંસી જતા હતા. રસ્તામાં હરલપુર અને રોહા વચ્ચે અચાનક **એક** વિશા ળ સુંદર દશ્ય જોયું. આ સરોવર છે કે નદી ? ??? એની પણ ખબર ન. પડે. આસપાસનાં ઝાડો એટલાં તો કાંઠાની નજીક નજીક આવ્યાં  હતાં કે આ નદી ન જ હોઈ શકે એમ **અ**નુમાન નીકળતું. પણ સરોવરની તો ચારે બાજુ ઓછીવત્તી ઊંચી હોવી જોઈએ. અહીં સામી બાજુએ એક ઊંચો પર્વત આસપાસના જંગલને આશીર્વાદ આપતો ઊભો હતો અને પાનીમાં જોનાર લોકોને પોતાનુંઅવળું દર્શણ આપતો હતો.દાઢી રાખીને માથું મૂંડાવનાર મુસલમાનોની પહાડે પોતાની તળેટીમાં? જંગલ ઉગાડીને પોતાના શિખરનું તોલું કર્યું હતું.

પ્રશ્ન-5 નીચેના કાવ્યનું પ્રૂફ રીડિંગ કરો. ૧૫

પર્વતને નામે પ  થ્થર દરિયાને નામે પાણી,

'ઈર્શાદ' આપણે તો ઈશ્વરને **ના**મે વાણી.

આ સુ ઉપર આ કોના નાખની થઈ નિશાની ?
ઈચ્છાને હાથ-પગ છે એ વાત આજે જાણી.

આ શ્વાસની રરરરરમતમાં હારી ગયો છું તો પણ,
મારા ઘરે પધારો ઓ ગંજીપાની રાણી.

ક્યારેક કાચ સામે કયારેક સાચ સામે,
પાકી જવાનું કાયમ તલવાર તાણી-તાણી.

થાકીજવાનું કાયમ તળવાર તાણી-તાણી,
'ઈર્શાદ' આપણે આપણે તો. ઈશ્વરને નામે વાણી.

– ચિનુ મોદી 'ઈર્શાદ'